નાના બાળકો અને વૃદ્ધો હેરાન-પરેશાન

# ઉનાળો પૂરો છતાં તરસાલી-સોમનાથ રોડ પર ડામર પીગળ્યો, લોકો માટે ચાલવું પણ મુશ્કેલ

**નબળા** મટીરિયલનો ઉપયોગ કરાયાનો આરોપ, રોડનું ત્વરિત સમારકામ કરવા સ્થાનિકોની માગ



(પ્રતિનિધિ) વડોદરા તા.29

સંસ્કારી નગરી વડોદરાના તરસાલી-સોમનાથ રોડ પર રોડ નિર્માણની કામગીરીમાં વપરાયેલા મટીરિયલની હલકી ગુણવત્તા છતી થઈ રહી છે. સામાન્ય રીતે કાળઝાળ ગરમી અને ઉનાળાની ઋતુ દરમિયાન રોડ પરથી ડામર ઓગળવાની ઘટનાઓ બનતી હોય છે, પરંતુ ચોમાસું અને ઉનાળો પૂર્ણ થઈ ગયા બાદ પણ આ વિસ્તારમાં રોડ પર ડામર પીગળી રહ્યો હોવાથી સ્થાનિક રહીશો અને ત્યાંથી પસાર થતા રાહદારીઓમાં ભારે રોષ અને અસંતોષ જોવા મળી રહ્યો છે.

ડામર ઓગળીને સમગ્ર રસ્તા પર પથરાઈ જતાં રોડ પરથી પગપાળા પસાર થતા રાહદારીઓના ચંપલ અને બૂટ રોડ પર જ ચોંટી રહ્યા છે. પરિણામે ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધો માટે આ રસ્તા પરથી ચાલીને જવું પણ અત્યંત મુશ્કેલ બની ગયું છે. આ ઉપરાંત, રસ્તા પર પીગળેલા ડામરના કારણે દ્વિચક્રી વાહનચાલકો માટે વાહન સ્લિપ થઈ જવાનો અને ગંભીર અકસ્માત સર્જાવાનું મોટું જોખમ ઊભું થયું છે. દરરોજ આ રોડ પરથી હજારો લોકો પસાર થતા હોવાથી મોટી દુર્ઘટના ઘટે તેવો ભય પણ સતત સતાવી રહ્યો છે.

ઉનાળાની ગરમી પૂર્ણ થઈ ગઈ હોવા છતાં જો આ પ્રકારે ડામર પીગળી રહ્યો હોય તો તેમાં હલકી ગુણવત્તાવાળા ડામર અને અત્યંત નબળા મટીરિયલનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો સીધો આરોપ સ્થાનિકો લગાવી રહ્યા છે. તંત્રની બેદરકારી અને કોન્ટ્રાક્ટરની લોલમલોલ સામે હવે લોકોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. આ વિસ્તારના નાગરિકો અને વાહનચાલકોની ઉગ્ર માગ છે કે ભ્રષ્ટ કોન્ટ્રાક્ટર સામે મહાનગરપાલિકા કે સંબંધિત વિભાગ દ્વારા તાત્કાલિક કડક પગલાં ભરવામાં આવે.

વડોદરામાં ડ્રેનેજ, રોડ અને પાણીના કામો માટે કરોડોની દરખાસ્તો સ્થાયી સમક્ષ રજૂ

# સરદાર એસ્ટેટમાં ડ્રેનેજ લાઇન શિફ્ટિંગને રૂ.૬૧.૩૯ લાખની મંજૂરી

**સુશેન** પંપિંગ સ્ટેશનની લીકેજ લાઇનનું રૂ.૨૩.૫૫ લાખમાં સમારકામ, નિમેટા WTPમાં RCC ફિલ્ટર ટ્રફ અને ફાયર વિભાગના વાહનની દુરસ્તી પણ સામેલ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ ઝોનમાં નાગરિક સુવિધા, રોડ-રસ્તા, ડ્રેનેજ, વરસાદી ગટર, પાણી પુરવઠા અને અગ્નિશમન વિભાગને લગતા વિવિધ કામો માટે કરોડો રૂપિયાની દરખાસ્તો સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. જેમાં કેટલાક તાત્કાલિક કરાયેલા કામોને બહાલી તેમજ નવા કામો માટે ટેન્ડર મંજૂરીની દરખાસ્ત કરવામાં આવી છે.

દક્ષિણ ઝોનના વોર્ડ નં.17માં સુશેન સર્કલ નજીક સુશેન પંપિંગ સ્ટેશનથી તરસાલી STP તરફ જતી 900 મીમી વ્યાસની ડ્રેનેજ પ્રેશર લાઇનમાં ત્રણ જગ્યાએ લીકેજ થતાં ગટર ઉભરાવાની સમસ્યા સર્જાઈ હતી. ગંભીર સ્થિતિને પગલે જીપીએમસી એક્ટની કલમ 67(3)(C) હેઠળ મે. માનશી કોર્પોરેશન મારફતે રૂ.23.55 લાખના ખર્ચે લાઈનનું શિફ્ટિંગ અને રિપેરિંગ તાત્કાલિક કરાવવામાં આવ્યું હતું.

પૂર્વ ઝોનમાં સરદાર એસ્ટેટ જંકશન ખાતે બની રહેલા ફ્લાયઓવરના ફાઉન્ડેશનમાં નડતરરૂપ 600 મીમી વ્યાસની ડ્રેનેજ લાઈન અને મશીનહોલને મેન્યુઅલ પુશિંગ પદ્ધતિથી શિફ્ટ કરવા રૂ.61.39 લાખનો ખર્ચ મંજૂર કરાયો છે. વોર્ડ નં.16માં રીંગ રોડ પર શ્યામલ રેસીડન્સી નજીક રૂ.91.66 લાખના ખર્ચે નવી વરસાદી ગટર તથા વોર્ડ નં.11માં કીર્તનપાર્કથી નારાયણ ઓરા સુધી રૂ.29.09 લાખના ખર્ચે નવી ડ્રેનેજ લાઇન નાખવાની દરખાસ્ત છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ વોર્ડ-4 અને 15માં રોડ વાઈડનિંગ તથા કાચા રસ્તાને પાકા કરવા ટેન્ડરો રજૂ કરાયા છે. દક્ષિણ ઝોનના ડિવાઈડર, ફૂટપાથ અને સર્કલના વ્હાઈટ વોશ માટે રૂ.1 કરોડની મર્યાદામાં વાર્ષિક ઈજારો આપવાની ભલામણ કરાઈ છે.

નિમેટા WTPમાં વારંવાર તૂટતા FRP ટ્રેકને બદલે રૂ.37.09 લાખના ખર્ચે RCC ફિલ્ટર ટ્રફ બનાવવા તથા ફાયર વિભાગના 44 મીટર ઊંચાઈવાળા BRONTO SKYLIFT વાહનની રૂ.9.54 લાખમાં દુરસ્તીની દરખાસ્ત પણ છે.

## PM આવાસના નિષ્ણાતની મુદત વધારવાની દરખાસ્ત

PMAYમાં 2015થી સોશ્યલ ડેવલપમેન્ટ સ્પેશ્યાલિસ્ટ તરીકે કામગીરી કરતા દેવર્ષિ રાવલનો રૂ.42,500 માસિક વેતનથી 11 મહિના માટે કરાર લંબાવવાની દરખાસ્ત છે. જરૂરિયાત મુજબ મિશન પિરિયડ સુધી મુદત વધારવાની સત્તા કમિશનરને આપવાની ભલામણ પણ કરાઇ છે.

## અટલાદરામાં 5000 ચો.મી. પ્લોટ ભાડે અપાશે

વડોદરા મેટલ મર્ચન્ટ એસોસિએશનને ડિસેમ્બરમાં વાસણો અને હોમ એપ્લાયન્સીસનું પ્રદર્શન યોજવા અટલાદરાના TP-20 ખાતેનો 5000 ચો.મી. પ્લોટ 14 દિવસ માટે હંગામી ધોરણે ભાડે આપવાની દરખાસ્ત પણ રજૂ થઈ છે.

# નવાયાર્ડમાં ગટરનું પાણી ઘરોમાં ઘૂસ્યા કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરવા માગ

**માત્ર ૬** મહિના પહેલાં કરાયેલી કામગીરીમાં ફરી લીકેજ સર્જાતાં કોન્ટ્રાક્ટરની તકલાદી કામગીરી છતી થઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર એકમાં આવેલા નવાયાર્ડ વિસ્તારના રામેશ્વર મંદિર, લાલપુરા અને રામેશ્વર ચાલીના રહીશો છેલ્લાં એક વર્ષથી ગટરના દુર્ગંધયુક્ત પાણીની ગંભીર સમસ્યાથી ઝઝૂમી રહ્યા છે. ગટરનું દૂષિત પાણી સ્થાનિકોના ઘરો સુધી પહોંચી જતાં લોકોનું જીવવું હરામ થઈ ગયું છે અને વિસ્તારમાં રોગચાળો ફેલાવાનો ભય ઊભો થયો છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે જે ગટર લાઈનમાં હાલ ગંભીર લીકેજ સર્જાયું છે, તેનું સમારકામ તથા નવીનીકરણનું કામ માત્ર છ મહિના પહેલાં જ કરવામાં આવ્યું હતું. ટૂંકા સમયગાળામાં ફરીથી એ જ લાઈન તૂટી જતાં અને લીકેજ થતાં કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલી કામગીરીની ગુણવત્તા સામે અનેક સવાલો ઊભા થયા છે. સ્થાનિકોનો સીધો આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટર દ્વારા તકલાદી અને હલકી કક્ષાનું કામ કરવામાં આવ્યું હોવાથી આ પરિસ્થિતિ સર્જાઈ છે.

આ અંગે સ્થાનિક રહીશો દ્વારા અવારનવાર વોર્ડ ઑફિસે રજૂઆતો કરવામાં આવી હતી. તાજેતરમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રાજપૂત સાહેબને પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું, જેના પગલે તંત્ર દ્વારા જેસીબી મશીન વડે ખોદકામ શરૂ કરી કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે, માત્ર ખોદકામ કરીને મૂકી દેવાને બદલે સત્વરે કાયમી ઉકેલ લાવવાની માગણી ઉઠી છે.

# નિત્યાસ જેમ્સ એન્ડ જ્વેલરીનો IPO 30 સપ્ટેમ્બરે ખુલશે

**મુંબઈ:** લેબ-ગ્રોન ડાયમંડ સ્ટડેડ ગોલ્ડ જ્વેલરી ક્ષેત્રે કાર્યરત નિત્યાસ જેમ્સ એન્ડ જ્વેલરી લિમિટેડનો IPO 30 સપ્ટેમ્બરથી ખુલશે અને 5 ઓક્ટોબરે બંધ થશે. કંપની અપર પ્રાઈસ બેન્ડે રૂ.108.42 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. IPOમાં રૂ.5ના અંકિત મૂલ્યના 1,44,56,000 ઈક્વિટી શેર ઓફર કરાશે. શેરની પ્રાઈસ બેન્ડ રૂ.70થી રૂ.75 અને લોટ સાઈઝ 200 શેરની છે. ઈશ્યુમાંથી મળેલી રકમનો ઉપયોગ મુખ્યત્વે કાર્યકારી મૂડી અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરાશે. રોકાણકારો માટે QIB હિસ્સો 50 ટકા સુધી, NII માટે ઓછામાં ઓછો 15 ટકા અને રિટેલ રોકાણકારો માટે ઓછામાં ઓછો 35 ટકા રાખવામાં આવ્યો છે. એન્કર બિડિંગ 29 સપ્ટેમ્બરે થશે. નાણાકીય વર્ષ 2026માં કંપનીએ રૂ.202.89 કરોડની આવક, રૂ.30.97 કરોડ EBITDA અને રૂ.22.31 કરોડ PAT નોંધાવ્યો હતો. શેર NSE અને BSE પર લિસ્ટ થશે.

કોન્ટ્રાક્ટરોને જલસા અને અધિકારીઓને મલાઈ

# સરદાર એસ્ટેટ પાસે વારંવાર પાણીની લાઈન લીક: કાયમી ઉકેલ ક્યારે?

**માત્ર દબાણ** હટાવવાની દેખાવડી ઝુંબેશથી પ્રજાને રાહત નહીં

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા શહેરના સરદાર એસ્ટેટ ચાર રસ્તા પાસે વારંવાર પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ અને લીકેજ થવાની ઘટનાઓ હવે સ્થાનિક રહીશો અને વાહનચાલકો માટે રોજિંદી મુશ્કેલી બની ગઈ છે. એક જ સ્થળે ટૂંકા સમયગાળામાં વારંવાર લાઈન લીક થવી અને દર વખતે તેના સમારકામ નામે લાખો રૂપિયાનો ધુમાડો થવો, તે સામાન્ય જનતા માટે મોટા સવાલો ઊભા કરે છે. નાગરિકોમાં ચર્ચાતી વાતો મુજબ, આવા કામોમાં ગુણવત્તાનો અભાવ અને વારંવાર થતું સમારકામ સીધી રીતે કોન્ટ્રાક્ટરોને આર્થિક ફાયદો પહોંચાડે છે. તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને નીતિનિર્ધારકોની રહેમનજર વગર આવું હલકી કક્ષાનું કામ શક્ય ન બને તેવો આક્ષેપ પણ લોકમુખે થઈ રહ્યો છે. સરકારી ચોપડે કામ બતાવીને બજેટ વસૂલવાની આ નીતિમાં "ઉપર બેઠેલા અધિકારીઓને મલાઈ" મળતી હોવાના કારણે જ આવા નબળા કામો વારંવાર જોવા મળે છે તેવો જનઆક્રોશ પ્રવર્તી રહ્યો છે.



બીજી તરફ, મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસના નામે માત્ર ગરીબ અને મધ્યમ વર્ગના નાના વેપારીઓ કે લારી-ગલ્લા ધારકોને હટાવવાની ઝુંબેશ ચલાવવામાં આવે છે. સ્થાનિકોનું સ્પષ્ટ માનવું છે કે રસ્તા પરથી માત્ર લારી-ગલ્લા ઉઠાવી લેવાથી કે દબાણો દૂર કરવાની દેખાવડી કાર્યવાહી કરવાથી વડોદરા શહેરનો વાસ્તવિક વિકાસ શક્ય નથી. શહેરને જો ખરેખર પ્રગતિના પંથે લઈ જવું હોય તો પાયાની નાગરિક સુવિધાઓ તરફ ધ્યાન આપવું અનિવાર્ય છે.

શહેરમાં શુદ્ધ પીવાના પાણીની લાઈનોનું કાયમી અને મજબૂત વિતરણ, ખાડા વગરના મજબૂત રોડ-રસ્તા અને ચોમાસામાં જળબંબાકાર થતી અટકાવતી યોગ્ય ડ્રેનેજ લાઈનની સમસ્યાઓનું કાયમી નિવારણ લાવવું સૌથી વધુ જરૂરી છે. જ્યારે તંત્ર આ પ્રાથમિક અને મૂળભૂત સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવશે, ત્યારે જ વડોદરા શહેરનો સાચા અર્થમાં સવાંગી વિકાસ થયો ગણાશે.

# બાપોદ વિસ્તારમા જૂની અદાવતે કારે આગચંપી : આરોપીની ધરપકડની માગ

**2024થી** હેરાનગતિનો આક્ષેપ, અગાઉ મકાન પર પથ્થરમારાની ફરિયાદ છતાં કાર્યવાહી ન થઈ હોવાનો દાવો

**CCTVમાં** ઘટના કેદ થયાનો દાવો, ફરિયાદ બાદ FIRની નકલ ન અપાઈ હોવાનો પરિવારનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરાના બાપોદ વિસ્તારમાં સોસાયટીના પાર્કિંગમાં પાર્ક કરેલી ફોર-વ્હીલર કારને આગ ચાંપવાના બનાવ બાદ પોલીસ કાર્યવાહી સામે પરિવાર દ્વારા સવાલો ઉઠાવવામાં આવ્યા છે. પરિવારનો આક્ષેપ છે કે વર્ષ 2024થી તેમને અને પરિવારજનોને હેરાન કરવામાં આવી રહ્યા છે અને અગાઉ મકાન પર પથ્થરમારો કરી નુકસાન પહોંચાડવા અંગે પણ પોલીસમાં રજૂઆત કરાઈ હતી.

પરિવારના જણાવ્યા મુજબ, 31 જુલાઈ 2024ના રોજ મકાન પર પથ્થરમારો કરાયો હતો. આ અંગે બાપોદ પોલીસમાં અરજીઓ કરવા છતાં સામાન્ય કલમો હેઠળ કાર્યવાહી થઈ અને FIR નોંધાઈ ન હોવાનો આક્ષેપ છે. દરમિયાન 25 સપ્ટેમ્બરની મધરાત બાદ પાર્કિંગમાં ઊભેલી કારને આગ લગાડવામાં આવી હતી. પરિવારના જણાવ્યા મુજબ સોસાયટીના અન્ય રહેવાસીના CCTV કેમેરામાં સમગ્ર ઘટના કેદ થઈ છે.

બનાવ બાદ પોલીસ ફરિયાદ લેવામાં શરૂઆતમાં આનાકાની કરાઈ હોવાનો તેમજ શંકાસ્પદ વ્યક્તિઓ સામે તાત્કાલિક કાર્યવાહી ન કરાઈ હોવાનો પરિવારનો દાવો છે. ફરિયાદ વહેલી સવારે પૂર્ણ થઈ હોવા છતાં FIRની નકલ ન અપાઈ હોવાનો પણ આક્ષેપ છે. પરિવાર હવે 29 સપ્ટેમ્બરે મહાનગર સેવા સદન ખાતે આવેદન આપી સુરક્ષા અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહીની માંગ કરશે.

વડોદરાની સ્વચ્છતા માટે મનપાનો નવો એક્શન પ્લાન

# શાકભાજી-ફૂલ માર્કેટથી કમર્શિયલ વિસ્તારો સુધી સફાઈ પર ખાસ ફોકસ

**GIDC** અને RWA સાથે બેઠકો યોજાશે, જાહેરમાં કચરો ફેંકવાની પ્રવૃત્તિ રોકવા નાગરિકોની ભાગીદારી પર ભાર




(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા શહેરમાં સ્વચ્છતા વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા મહાનગરપાલિકા દ્વારા કમિશનરની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં શહેરની સ્વચ્છતા જાળવવા અને કામગીરીને સતત ચાલુ રાખવા માટે નવા એક્શન પ્લાન અંગે ચર્ચા કરવામાં આવી હતી. તાજેતરમાં વડાપ્રધાન, વિદેશી રાષ્ટ્રપતિ અને મુખ્યમંત્રીની મુલાકાત બાદ પણ સ્વચ્છતા અભિયાનની ગતિ જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા ખાસ ભાર મૂકાયો છે.

મનપા છેલ્લા એક વર્ષથી 'વન ડે વન રોડ' અને 'વન ડે વન વોર્ડ' જેવી ઝુંબેશ ચલાવી રહ્યું છે. હવે તેનો વ્યાપ વધારીને શાકભાજી તથા ફૂલ માર્કેટોમાં સફાઈ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. કમર્શિયલ વિસ્તારો, રોડસાઈડ દુકાનો, રેસ્ટોરન્ટ અને વેપારી વિસ્તારોમાં પણ પ્રાથમિકતાના ધોરણે કામગીરી હાથ ધરાશે.

રહેણાંક વિસ્તારોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા રેસિડેન્ટ વેલફેર એસોસિએશનો સાથે બેઠકો યોજાશે. ઔદ્યોગિક વિસ્તારોને પણ અભિયાનમાં જોડવા GIDC એસોસિએશન સાથે બેઠકનું આયોજન કરાયું છે.

મનપા દ્વારા જાહેરમાં કચરો ફેંકવાની ટેવ પર અંકુશ મેળવવા નાગરિકોના વ્યવહાર અને આદતોમાં બદલાવ લાવવાનો પ્રયાસ કરાશે. શહેરની દૈનિક સફાઈ મનપાની જવાબદારી હોવાનું જણાવી તંત્રએ શહેરને ગંદુ ન થવા દેવાની નૈતિક જવાબદારી નાગરિકો, વેપારીઓ અને સંસ્થાઓની પણ હોવાનું કહી સહયોગની અપીલ કરી છે.

# યુવક હુમલાની ઘટના, પીડિત પરિવારનો ન્યાય માટે પોલીસ ભવનમાં રજૂઆત

**બેલ્ટ** વડે હુમલો કરાયાનો આક્ષેપ, ચાર આરોપીઓ સામે કાર્યવાહીની માંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

રાવપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી હુમલાની ઘટનાને લઈને પીડિત પરિવારે પોલીસ ભવન ખાતે પહોંચી ન્યાયની માંગ સાથે રજૂઆત કરી હતી. આ દરમિયાન જાગૃત નાગરિકો પણ પીડિત પરિવાર સાથે જોડાયા હતા.

પીડિતની માતા ધરતીબેન વિપુલભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે, તેમના પુત્ર પર બેલ્ટ વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેને ગંભીર ઈજાઓ પહોંચી છે. હાલ તેની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેની હાલત ગંભીર હોવાનું પરિવારે જણાવ્યું હતું. પરિવારનો આક્ષેપ છે કે આ ઘટનામાં ચાર લોકો સંડોવાયેલા છે, પરંતુ એફઆઈઆરમાં માત્ર એક જ




વ્યક્તિનું નામ નોંધવામાં આવ્યું છે. આ મામલે પરિવારે પોલીસ કમિશનરને આવેદનપત્ર આપી નિષ્પક્ષ તપાસ કરી તમામ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. સામાજિક પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે સામાન્ય બોલાચાલી બાદ આ હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે એફઆઈઆર માં આરોપીઓના નામ અને તપાસની પ્રક્રિયા સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. પીડિત પરિવાર અને પ્રતિનિધિઓએ પોલીસ ભવન ખાતે આવેદનપત્ર સુપરત કરી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી અને પીડિતને ન્યાય અપાવવા માંગ કરી છે. હાલ પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

# 'સ્નો સિટી' બહાર ડ્રેનેજ ઉભરાતા ગંદકીનું સામ્રાજ્ય:પાલિકાતંત્ર નિદ્રામાં!

**સામાન્ય** દુકાનદારને ગંદકી માટે સીલ મારતી પાલિકાની આના પર કોની રહેમનજર? શું કમિશનર કડક પગલાં ભરશે?



(પ્રતિનિધિ) વડોદરા તા.29

સંસ્કારી નગરી વડોદરાના અલકાપુરી વિસ્તારના વોર્ડ નંબર 9માં આવેલી જાણીતી જગ્યા 'સ્નો સિટી' ની બહાર જ હાલ ગંદકીનું સામ્રાજ્ય ખડકાઈ ગયું છે. છેલ્લા કેટલાક સમયથી અહી મુખ્ય માર્ગ પર જ ડ્રેનેજની લાઈન ઉભરાઈ રહી છે અને દૂષિત પાણી રસ્તા પર સતત વહી રહ્યું છે. આ ગંદા પાણીના કારણે વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે, જેનાથી સ્થાનિક રહીશો અને રસ્તેથી પસાર થતા વાહનચાલકો તથા રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સ્નો સિટી જેવા જાહેર અને ભીડભાડ વાળા વિસ્તારમાં જ આ પ્રકારની પરિસ્થિતિ ઊભી થતાં સમગ્ર વિસ્તારના આરોગ્ય સામે મોટો ખતરો ઉભો થયો છે.

સ્થાનિક નાગરિકોમાં આ મુદ્દે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો વડોદરા મહાનગરપાલિકા દ્વારા સામાન્ય દુકાનદારો કે નાના વેપારીઓની દુકાન બહાર થોડી પણ ગંદકી જોવા મળે તો તાત્કાલિક ધોરણે દંડ ફટકારવામાં આવે છે અથવા દુકાનોને સીલ મારી દેવામાં આવે છે. પરંતુ, આટલા મોટા જાહેર રસ્તા પર ડ્રેનેજના ઉભરાતા પાણી અને ફેલાયેલી ભયાનક ગંદકી પ્રશાસનને કેમ દેખાતી નથી? તંત્ર દ્વારા દાખવવામાં આવતી આ લાપરવાહી પાછળ કોની રહેમનજર કામ કરી રહી છે તેવા તીખા સવાલો હવે લોકમુખે ચર્ચાઈ રહ્યા છે.

હાલમાં ચોમાસા કે રોગચાળાના ભય વચ્ચે આ પ્રકારે જાહેર રસ્તા પર ગંદુ પાણી ભરાઈ રહેવાથી ડેન્ગ્યુ, મલેરિયા અને અતિસાર જેવા રોગો ફેલાવાની પૂરેપૂરી શક્યતા છે. સ્નો સિટી ખાતે મોટી સંખ્યામાં બાળકો અને પરિવારજનો આવતા હોય છે, ત્યારે પ્રશાસનની આ નિષ્ક્રિયતા ભારે પડી શકે છે. સ્થાનિકોની એક જ માંગ છે કે પાલિકા કમિશનર સાહેબ પોતે આ ગંભીર બાબતની નોંધ લે, ત્વરિત સ્થળ તપાસ કરાવે અને જવાબદાર અધિકારીઓ કે કર્મચારીઓ સામે કડકમાં કડક પગલાં ભરીને આ ડ્રેનેજની સમસ્યાનું કાયમી નિવારણ લાવે.

# ખાટલા પર બેસીને નાસ્તો કરવા મુદ્દે યુવકને ચપ્પુના ઘા ઝિંક્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.29

ગોરવા દશામાતાના મંદિર પાછળ ખાટલા પર બેસીને નાસ્તો કરવા બાબતે થયેલી બોલાચાલી ઉગ્ર બનતાં યુવક પર ચપ્પાથી હુમલો કરી હત્યાની કોશિશ કરાઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. હુમલામાં પેટના ભાગે ગંભીર ઈજા થતાં યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. બનાવ અંગે ગોરવા પોલીસે હત્યાના પ્રયાસ સહિત એટ્રોસિટીની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૂળ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મુણધા ગામના અને હાલ તાંદલજા પત્રકાર ચોકડી પાસે રહેતા 24 વર્ષીય રણજીતભાઈ પારગી છૂટક મજૂરી કરે છે. 28 સપ્ટેમ્બરે સાંજે તેમના મોટા ભાઈ મહેશભાઈ ઉર્ફે અલ્કેશ પારગી ગોરવા દશામાતાના મંદિર પાછળના ખુલ્લા મેદાનમાં ખાટલા પર બેસીને નાસ્તો કરતા હતા. દરમિયાન સમતા સુભાનપુરા વિસ્તારમાં રહેતા મુકેશભાઈ ઉર્ફે મુખી દંતાણી સાથે ખાટલા પર બેસીને નાસ્તો કરવા બાબતે બોલાચાલી થઈ હતી.

ઉપરછલ્લી કામગીરીના આક્ષેપોથી રહીશો-વેપારીઓમાં રોષ

# અકોટા પ્રોડક્ટિવીટી રોડ પર ડ્રેનેજના પાણી ફરી વળતા વાહનચાલકો પટકાયા, વેપાર-ધંધા ચોપટ

**ચીકણા** રસ્તા પર વાહન ચાલકો લપસવાના બનાવો, દુર્ગંધ અને મચ્છરના ઉપદ્રવથી રોગચાળાની ભીતિ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

(પ્રતિનિધિ) વડોદરા, તા.29: વડોદરા શહેરના વોર્ડ નં.12માં છેલ્લા ઘણા સમયથી ડ્રેનેજ ઉભરાવાની સમસ્યા યથાવત રહેતા સ્થાનિક રહીશો અને વેપારીઓમાં રોષ ફેલાયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, વારંવાર રજૂઆતો બાદ બે દિવસ પહેલાં પાલિકાની ટીમે સ્થળ પર પહોંચી ડ્રેનેજની કામગીરી કરી હતી. જોકે, ગણતરીના બે દિવસમાં જ લાઇન ફરી જામ થતાં ગંદુ પાણી રસ્તા પર ફરી વળ્યું હતું.



ડ્રેનેજનું ગંદુ પાણી રોડ પર ફેલાતાં માર્ગો ચીકણા બની ગયા છે. જેના કારણે દ્વિચક્રી વાહનચાલકો લપસી પડવાના બનાવો બનતા હોવાનો સ્થાનિકોનો દાવો છે. પદયાત્રીઓ માટે પણ રસ્તા પરથી પસાર થવું મુશ્કેલ બન્યું છે.

ગંદા પાણીની સીધી અસર આસપાસના વેપારીઓને થઈ રહી છે. દુકાનો અને શોપિંગ સેન્ટરોની બહાર પાણી ભરાતા ગ્રાહકોની અવરજવર ઘટી હોવાનો વેપારીઓનો દાવો છે. પરિણામે ધંધા-રોજગારને નુકસાન થઈ રહ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, વિસ્તારમાં સતત દુર્ગંધ ફેલાવા સાથે મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે. ગંદકીના કારણે રોગચાળાની ભીતિ વચ્ચે રહીશો અને વેપારીઓએ પાલિકા તંત્ર પાસે કાયમી ઉકેલની માંગ કરી છે. સ્થાનિકોએ માત્ર કામચલાઉ કામગીરીને બદલે ડ્રેનેજ લાઇનની યોગ્ય તપાસ કરી નક્કર સમારકામ કરવાની માંગ ઉઠાવી છે.

# આઈપીઓ બાદ NIS મેનેજમેન્ટને 120 કરોડના ઓર્ડર

**વડોદરા:** એનઆઈએસ મેનેજમેન્ટ લિમિટેડે 25 સપ્ટેમ્બરે યોજાયેલી પ્રથમ વાર્ષિક સામાન્ય સભામાં કંપનીની વૃદ્ધિ અને વિસ્તરણની વ્યૂહરચના રજૂ કરી હતી. કંપનીએ સપ્ટેમ્બર 2025માં BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટિંગ બાદ અત્યાર સુધીમાં 120.14 કરોડના વર્ક ઓર્ડર મેળવ્યા છે.

નાણાકીય વર્ષ 2026માં કંપનીની કુલ આવક 436.70 કરોડ રહી હતી, જે અગાઉના વર્ષ કરતાં 7.74% વધુ છે. EBITDA 12.19% વધીને 33.53 કરોડ અને એડજસ્ટેડ PAT 19.12 કરોડ રહ્યો હતો. કંપનીની નેટવર્થ 196 કરોડ સુધી પહોંચી છે, જ્યારે ડેટ-ટુ-ઈક્વિટી રેશિયો 0.42x થયો છે.

આઈપીઓ બાદ મળેલા ઓર્ડરમાં રિલાયન્સ ગ્રુપ, બિહાર સરકાર, પશ્ચિમ બંગાળ સરકાર, મુંબઈ પોલીસ અને ઓડિશાના ORMASના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. કંપનીએ બિહાર, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં કામગીરી વિસ્તારી છે તથા પશ્ચિમ બંગાળમાં ઉપસ્થિતિ મજબૂત કરી છે.

માછલીકુંડમાં લીલ-કચરો જમા થતાં પાણી દૂષિત થયાનો આક્ષેપ

# VMCની સુવિધા કે દુવિધા? અરવિંદ પાર્કના કુંડની નિયમિત સફાઈ ન થતાં માછલીઓ મરી ગઈ

**યોગા-સ્ટ્રેચિંગ** ડોમની આસપાસ પણ દુર્ગંધ, કુંડની નિયમિત સફાઈ અને બગીચાની જાળવણીની માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા મહાનગરપાલિકા દ્વારા નાગરિકોના સ્વાસ્થ્ય અને મનોરંજન માટે વિવિધ વિસ્તારોમાં બગીચાઓ બનાવવામાં આવ્યા છે. જોકે, યોગ્ય જાળવણીના અભાવે આ સુવિધાઓ જ સમસ્યારૂપ બનતી હોવાની ફરિયાદો સામે આવી રહી છે. ફતેગંજ વિસ્તારમાં આવેલા અરવિંદ બાગમાં માછલીકુંડની હાલત કથળતાં તેમાં રહેલી માછલીઓના મોત થયા છે અને સમગ્ર વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

અરવિંદ બાગમાં સવાર-સાંજ મોટી સંખ્યામાં લોકો વોકિંગ, જોગિંગ અને કસરત માટે આવે છે. બગીચાની મધ્યમાં આવેલા માછલીકુંડમાં લાંબા સમયથી સફાઈના અભાવે લીલ અને કચરો જમા થયો હોવાનો આક્ષેપ છે. પાણી દૂષિત થતાં માછલીઓ મરી ગઈ હોવાનું સ્થાનિકોનું કહેવું છે. મૃત માછલીઓના કારણે કુંડમાંથી અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે.



બગીચામાં વરિષ્ઠ નાગરિકો માટે યોગા અને સ્ટ્રેચિંગ માટે ડોમની સુવિધા પણ છે. હાલના વાતાવરણમાં અહીં મોટી સંખ્યામાં લોકો સ્વાસ્થ્ય માટે આવતા હોવા છતાં દુર્ગંધ અને ગંદકીથી તેઓ પરેશાન થઈ રહ્યા છે. કુંડની આસપાસ મચ્છરોનો ઉપદ્રવ વધ્યો હોવાની પણ ફરિયાદ છે. જેના કારણે મચ્છરજન્ય રોગો ફેલાવાની ભીતિ સ્થાનિકોમાં જોવા મળી રહી છે.

નાગરિકોના જણાવ્યા મુજબ, બગીચાનું નિર્માણ કર્યા બાદ તેની નિયમિત જાળવણી પણ જરૂરી છે. કુંડની સમયસર સફાઈ, મૃત માછલીઓનો નિકાલ અને પાણીની યોગ્ય જાળવણી કરવામાં આવે તેવી માંગ સાથે સ્થાનિકોએ ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.